જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૧૨/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૩૮૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૦/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૫	૦	૧૨૫	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૫૭૨૩	૧૬૬	૭૫૮૮૯	૭૬૮૪૩	૧૬૯	૭૭૦૧૨
કુલ		૯૨૩૧૯	૧૬૬	૯૨૪૮૫	૧૦૧૩૭૦	૧૬૯	૧૦૧૫૩૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૫	૩,૭૯,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૧૯	૭,૧૯,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

શરીર સબંધિત ગુના આચરી ગુનાહિત અસામાજીક પ્રવૃતિ આચરતા ઇસમોને પાસા અટકાયત હેઠળ રાજકોટ જેલ મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર વિસ્તારમાં મિલકત સબંધિત ગુનાઓની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જેથી પો.ઇન્સ.શ્રી એસ.એ.ગોહિલ તથા સ્ટાફના માણસોએ નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓ જેમાં (૧) અમરાઇવાડી પો.સ્ટે. પાર્ટ.એ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૪૨૦૦૦૯૨/૨૧ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ),૪૨૭ ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ તથા (૨) નારોલ પો.સ્ટે ભાગ એ/૧૧૧૯૧૦૬૫૨૧૧૪૭૭/૨૦૨૧ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ ના ગુનાના કામના આરોપી :- ગજેંદ્ર ઉર્ફે કલ્લુ સ/૦ બુધ્ધીસીગ જાતે કેવટ ઉવ ૨૦ ધંધો છુટક મજુરી રહે, તુલસીનગર રંગોલીનગરની પાછળ નારોલ અમદાવાદ શહેર નાઓની શરીર સબંધિત અસામાજીક પ્રવૃત્તિ સબબ તેમના વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાએ ઉપરોક્ત આરોપી વિરૂદ્ધ પાસા ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૮૬૨/૨૦૨૧ તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ પાસા અટકાયતી નો હુકમ કરતા ઉપરોક્ત આરોપી ઓના પાસા હુકમની બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે ખાસ મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે. તા.૩૦À૧૨À૨૦૨૧.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :

એસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
પો.સબ.ઇન્સ એ.જી.બ્રિદ તથા અ.હે.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં.૬૦૮૦ તથા અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪



બાપુનગર પોલીસ સ્ટેશન

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "એચ" ડીવીજન સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પ્રો.હી. સબંધી ગુનાઓ બનતા અટકાવવા સારૂ અસરકારક પગલાં લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઇન્સ્પેક્ટર એ.પી.ગઢવી બાપુનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર તથા સ્ટાફના માણસોએ બાપુનગર તથા મેઘાણીનગર વિસ્તાર માં રહેતા નં-(૧)_અચલારામ શેરારામ જાતે ચૌધરી ઉ.વ-૬૫ રહે-મ.નં-બી/૧૦૧ શિલ્પ રેસીડાન્સી હિરાવાડી રોડ બાપુનગર અમદાવાદ શહેર તથા નં-(૨) પ્રહલાદભાઇ ધનજીભાઇ જાતે પરમાર ઉ.વ-૫૬ રહે-મ.નં-૧૧૩/૨૭૦૨ ગુ.હા.બોર્ડ નેતાજીનગર પાસે મેઘાણીનગર અમદાવાદ શહેર નાનો પ્રો.હી. સબંધી ગુનાઓ કરવાની પ્રવૃતી સાથે સંકળાયેલ હોય તેના વિરૂધ્ધમાં બાપુનગર પાર્ટ-સી. ગુ.ર.ન પાર્ટ-સી ૧૧૧૯૧૦૦૭૨૨૩૫૮/૨૦૨૧ ધી પ્રોહી.કલમ ૬૫(એ,ઇ)૮૧,૮૩,૯૮ (૨) ,૧૧૬(બી) મુજબનો ગુનો નોંધાયેલ છે સદરી આરોપીઓ વિરૂધ્ધમાં પુરાવા એકત્રીત કરી મે.પોલીસ કમિશ્નરશ્રી સમક્ષ સાદર કરતાં તેઓ સાહેબે પાસા હુકમ કરતાં મજકુર પાસા અટકાયતીને તા-૩૦/૧૨/૨૧ ના રોજ પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે નં-(૧) પાલાર ભુજ જેલ તથા નં-(૨) "રાજકોટ જેલ " ખાતે મોકલી આપવામાં આવેલ છે. તા.૩૧/૧૨/૨૦૨૧

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૮૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૨ કેસ કરી, ૮૭ વ્યક્તિઓને ઝડપી, ૧૭૦ લીટર દેશી દારૂ, ૭૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ બિયર ટીન, ૧ કાર અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૦૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૮૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૩૮૫/૨૦૨૧**

ઘાટલોડીયાઃ (૧) રાજ સ/ઓ હિમાશુભાઇ ઝવેરી (ઉ.વ.૨૫) (રહે. સીમંધર કોમ્પલેક્ષ પ્રભાતચોક કે.કે.નગર રોડ ઘાટલોડીયા) એ તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૦/૨૦૨૧ ના રોજ મોબાઇલ નંબર ૯૬૧૬૨૧૦૧૪૨, ૮૭૫૪૪૩૪૬૩૫ ના ધારકે રાજ ઝવેરીને ટેક્સ મેસેક કરી ઘરે બેઠા ટાસ્ક દ્વારા પૈસા કમાવવાની લાલચ આપી કુલ રૂપિયા ૨,૦૮,૮૬૩/- ટ્રાન્જેક્શન કરાવી અલગ-અલગ ટાસ્ક પુરા કરાવી કમિશન નહી આપી તેમજ ભરેલ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેંતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.આર.વાઘેલા ચલાવે છે.

ઘાટલોડીયાઃ (૨) ઇન્દ્રવદન હસમુખભાઇ મિસ્ત્રી (ઉ.વ.૬૪) (રહે. યજ્ઞપુરુષ રોહાઉસ રન્ના પાર્ક બસ સ્ટોપ સામે ઘાટલોડીયા) એ તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૦/૨૦૨૧ ના રોજ મોબાઇલ નંબર ૯૫૪૭૦૧૧૭૩૨ ના ધારકે ઇન્દ્રવદન મિસ્ત્રીને ફોન કરી આઇ.ડી.એફ.સી ફર્સ્ટ બેંકમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી ચેક ક્લીયર્સ કરવાનુ કહી ઇન્દ્રવદન મિસ્ત્રીના મોબાઇલમાં આવેલ ઓટીપી મેળવી ઇન્દ્રવદન મિસ્ત્રીના બેન્ક ખાતામાંથી રૂપિયા ૧,૧૯,૫૩૨/- ટ્રાન્જેકશન કરી લઈ વિશ્વાસઘાત અને છેંતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.આર.વાઘેલા ચલાવે છે.

નરોડાઃ નિલય હીરેનકુમાર સોની (ઉ.વ.૨૧) (રહે. નારાયણનગર સોસાયટી સૃહદ કોમ્પ્લેક્ષ પાસે નરોડા ગામ રોડ નરોડા) એ તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૮/૨૦૨૧ થી તા.૦૩/૧૦/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૮૧૯૮૦૯૮૫૫૧ ના ધારકે નિલય સોની સાથે વોટ્સએપ મેસેજ કરી પોતાની કંપની અમેઝોન, ફ્લીપકાર્ટ અને પે ટીએમ કંપની માટે ઇ કોમર્સનુ કામ કરે છે તેમ જણાવી પાર્ટ ટાઇમ જોબ વર્ક કરો તો કમિશન મળશે એવી લાલચ આપી નિલય સોનીના મોબાઈલમાં લીંક મોકલી વેબસાઈટ પર લોગ ઇન કરાવી ફોન પે આઇ.ડી.તથા યુ.પી.આઇ.આઇ.ડી.માં ઓર્ડરની અલગ-અલગ રકમ કુલ રૂપિયા ૧,૪૬,૩૪૮/- ભરાવડાવી કમિશન કે ભરેલ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેંતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.બી.ખાંભલા ચલાવે છે.

બાપુનગરઃ ભાવનાબહેન વા/ઓ ઘનશ્યામભાઈ કથિરિયા (ઉ.વ.૫૯) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ નવલખા બંગલા પાસે બાપુનગર) એ તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૨/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૯૧ ૨૨૩૫૦૩૩૧૫૯ ના ધારકે ભાવનાબહેન કથિરિયાના મોબાઈલ ઉપર ફોન કરી આર.બી.એલ. બેન્કના ક્રેડિટ કાર્ડ વિભાગમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી ફોન બંધ કરી દીધો હતો. ત્યારબાદ ભાવનાબહેનના ખાતામાંથી રૂપિયા ૧,૦૩,૯૫૦/- તેમજ એક્સિસ બેન્કના ક્રેડિટ કાર્ડમાંથી રૂપિયા ૧,૧૮,૮૦૦/- મળી કુલ રૂપિયા ૨,૨૨,૭૫૦/- ઓનલાઈન ટ્રાન્જેકશન કરી લઈ છેંતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.પી.ગઢવી ચલાવે છે.

ખોખરાઃ રાહુલ બીપીનભાઇ પ્રજાપતિ (ઉ.વ.૨૫) (રહે.પ્રજાપતિવાસ મ્યુનિસિપલ ગાર્ડન જોગણી માતાના મંદિરની બાજુમાં ખોખરા) એ તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૪/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૯૦૯૦૧૭૯૦૬૮ ના ધારકે રાહુલ પ્રજાપતિના મોબાઈલ ઉપર ફોન કરી એસબીઆઈ ક્રેડિટ કાર્ડ વિભાગમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી રાહુલ પ્રજાપતિનુ ક્રેડીટ કાર્ડ ચાલુ કરવા માટે ક્રેડીટ કાર્ડ પ્રોટક્શન પ્લાનના ચાર્જ રૂપિયા ૨૪૯૯/- રાહુલ પ્રજાપતિના બેંક એકાઉન્ટમાં જમાં કરવાનુ જણાવી રાહુલ પ્રજાપતિના ક્રેડીટ કાર્ડની માહીતી તેમજ મોબાઇલ ફોન ઉપર આવેલ ઓ.ટી.પી. મેળવી લઈ રાહુલ પ્રજાપતિના એસબીઆઈ ક્રેડીટ કાર્ડના ખાતામાંથી રૂપિયા ૨૫,૦૫૭/- ઓનલાઈન ટ્રાન્જેકશન કરી લઈ વિશ્વાસઘાત અને છેંતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એસ.ચૌધરી ચલાવે છે.

નિકોલઃ કૈલેશકુમાર શાંતિલાલ પંચાલ (ઉ.વ.૩૪) (રહે. યોગીરાજ રેસીડેન્સી વી.આઇ.પી સ્કુલની બાજુમાં નિકોલ) એ તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૪/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૮૧૦૧૨૬૯૭૧૬ ના ધારકે કૈલેશકુમાર પંચાલના મોબાઈલ ઉપર ફોન કરી પેટીએમ કેવાયસી પોઈન્ટ માંથી વાત કરતા હોવાની ઓળખ આપી કૈલેશકુમાર શાંતીલાલ પંચાલને પેટીએમ કેવાયસી વેરીફિકેશન કરવાનુ કહી પ્રોસેસ માટે કૈલેશકુમાર પંચાલના મોબાઈલમાં ટીમ વ્યુયર ક્વીક સપોર્ટ નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી મોબાઈલમાં આવેલ આઈડી મેળવી લઈ કૈલેશકુમાર પંચાલના ખાતામાંથી રૂપિયા ૫૬,૪૨૦/- ઓનલાઈન ટ્રાન્જેકશન કરી લઈ વિશ્વાસઘાત અને છેંતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ચેતનકુમાર કાળાભાઇ ચલાવે છે.

ઓઢવઃ હરેન્દ્રસિહ લક્ષ્મણભાઇ દરબાર (ઉ.વ.૨૮) (રહે. શાસ્ત્રીનગર હસ્તીનાપુરના દરવાજા સામે ભવાનીનગર ઓઢવ) એ તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૧/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૯૦૨૭૬૧૧૮૦૧ ના ધારકે હરેન્દ્રસિહ દરબાર ના મોબાઈલ ઉપર ફોન કરી જુદી જુદી ત્રણ કંપનીઓમા નોકરી માટે માણસો લેવાના હોવાનુ જણાવતા હરેન્દ્રસિહ દરબારના ભાઇને નોકરી મેળવવાની હોઈ હરેન્દ્રસિહ દરબારે વાત કરતા તેઓએ હરેન્દ્રસિહ દરબારના રીજ્યુમ મેળવી સારી નોકરી અપાવવાનો વિશ્વાસ આપી હરેન્દ્રસિહ દરબારના ભાઈને નોકરી અપાવવા અલગ-અલગ ચાર્જ પેટે હરેન્દ્રસિહ દરબાર પાસેથી કુલ રૂપિયા ૧,૦૮,૫૦૦/- ઓનલાઈન ટ્રાન્સફર કરાવી મેળવી લઈ નોકરી નહી આપાવી તેમજ આપેલ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

રામોલઃ શુભમ છોટાલાલ ભોઇ (ઉ.વ.૨૨) (રહે. રમા ફેબ્રીકેશન સાઇનપાર્કની સામે વૃંદાવન એસ્ટેટની બાજુમાં સીટીએમ રામોલ) એ તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે શુભમ ભોઇને રીવોલ્ટ RV-400 નવુ બાઇક લેવાનુ હોય તા.૧૫/૧૦/૨૦૨૧ ના રોજ revolt-motorsindia.com ઉપર રજીસ્ટ્રેશન કરાવેલ અને એક કલાક બાદ મોબાઈલ નંબર ૮૫૮૫૦૨૦૯૪૮ ના ધારકે શુભમ ભોઇના મોબાઈલ ઉપર ફોન કરી રીવોલ્ટ મોટર્સ ઇન્ડીયામાંથી વાત કરતા હોવાની ઓળખ આપી શુભમ ભોઇને નવા બાઇક માટે એપ્લાય કરેલ છે ? તેમ કહેતા શુભમ ભોઇએ હા પાડતા તેઓએ શુભમ ભોઇને એક અઠવાડીયામા બાઇક મળી જશે તેમ કહી અલગ-અલગ પ્રોસેસ તેમજ ઓફર જણાવી એક સાથે પેમેન્ટ કરશો તો ૨૦ ટકા ડીસ્કાઉન્ટની ઓફર મળશે તેમ કહી શુભમ ભોઇ પાસેથી કુલ રૂપિયા ૯૮,૯૯૯/- ઓનલાઈન ટ્રાન્સફર કરાવી મેળવી લઈ બાઇક નહી મોકલી તેમજ આપેલ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.આર.રાણા ચલાવે છે.

નારોલઃ સાગર સુરેશકુમાર મહેશ્વરી (ઉ.વ.૨૫) (રહે. હેમેન્દ્ર પાર્ક સોસાયટી ગ્રીન લોન્સ સ્કુલ સામે ઇસનપુર વટવા રોડ નારોલ) એ તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સાગર મહેશ્વરીએ મોબાઈલમાં યુ ટ્યુબ પર ૯૧૭૭ એપ્લીકેશનનો વિડીયો જોતા જેમા રોજે રોજ કમિશન મળતુ હોઈ સાગર મહેશ્વરીએ ગુગલમાંથી ૯૧૭૭ એપ્લીકેશન ડાઉનલોડ કરી લોગીન થઈ યુપીઆઈ થી પૈસા ટ્રાન્સફર કરતા કમિશન મળતુ હોઈ તા.૧૦/૦૩/૨૦૨૧ થી તા.૨૭/૦૩/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન રૂપિયા ૧,૦૩,૦૦૦/- ભરતા કમિશન નહી આપી તેમજ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એ.ગોહિલ ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ પ્રતિકભાઇ દિપકભાઇ ચોટાઇ (ઉ.વ.૩૯) (રહે. પાર્ક વ્યુ મહિલા ઔડા ગાર્ડન સામે બોડકદેવ) એ તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૫/૨૦૨૧ થી તા.૦૪/૦૫/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન પ્રતિકભાઈ ચોટાઈના બેંક એકાઉન્ટમાં રજીસ્ટર્ડ મોબાઇલ ફોન નંબર બંધ કરાવી નવુ સીમકાર્ડ મેળવી ઇન્ટરનેટ બેંકીંગના પાસવર્ડ મેળવી લઇ અજાણી વ્યક્તિએ ઇંટરનેટ બેંકીંગના માધ્યમથી પ્રતિક્ભાઈ ચોટાઈના બેંકના ખાતામાંથી રૂપિયા ૧૧,૮૯,૦૦૦/- ઓનલાઇન આરટીજીએસ મારફતે ટ્રાન્સફર કરી છેતરપીડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.દેસાઈ ચલાવે છે.

ધરફોડઃ- સમાચાર યાદી નં.૨૩૮૬/૨૦૨૧

એલીસબ્રીજઃ અભિષેકભાઇ જયસુખભાઇ કળસરીયા (રહે. ભુદરપુરા આવાસ યોજના રામા રમણલાલની ચાલી ભુદરપુરા રોડ આંબાવાડી એલીસબ્રીજ) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૨/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ થી રાતના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.ચૌધરી ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૨૩૮૭/૨૦૨૧

સાબરમતીઃ સાબરમતી ત્રાગડ હીમાલયા નવી બનતી સાઈટના છાપરામાં રહેતા અને ત્યા જ કામ કરતા મહિપાલ ધુલજી કટારા (ઉ.વ.૨૦) (મુળ વતન. બોરખેડ તા-સાગવાડા જી-ડુંગરપુર રાજસ્થાન) તા.૩૦/૧૨/૨૦૨૧ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે ન્હાવા માટે પાણી ગરમ કરવા ડોલમાં હીટર મુકી પાવર ચાલુ કરવા જતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઇન્દ્રસિંહ પ્રવિણસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૩૮૮/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ રીનાબહેન ડો/ઓ જામુભાઈ ભુરીયા (ઉ.વ.૧૭) (રહે. થલતેજ વૃંદાવન-૮ ની બાજુમાં વીનસ અલ્ટીમા સોસાયટીના નવા બનતા બંગલા નજીક છાપરામાં) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૨/૨૦૨૧ કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે બંગલા નં.એ/૨૬ ના બીજા માળે લાકડાના પાલકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ટી.આર.અકબરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.